**સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯**

**આંક –૫૭**

| | | |
|---|---|---|
| સેશન્સ કેસ નંબરઃ– ૮૩/૨૦૧૯ | | |
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | 11 | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | ભવાનસિંહ જાલમસિંહ વાઘેલા | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | NO |
| ઉંમર આશરે | ૪૭ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | ભડથ તા.ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી બી કંસારા |

(૧) હું અભણ છુ અને મને ગુજરાતી ભાષા લખતા વાંચતા આવડતી નથી. મારી ખેતીની જમીન ભડથ મુકામે આવેલી છે. મનુભા શાંતુભા વાઘેલા મારા કાકાના દિકરા થાય છે અને તેમની જમીન પણ અમારા ખેતરની બાજુમાં આવેલ છે. મારા ખેતરની બાજુમાં ૨૦–૨૫ વિઘા જમીન આવેલ છે. જે જમીન ઉપર નાનસિંગ મદારસિંગ, મદારસિંગ પરમાજી, મકુજી જેસાજી, રાવતજી જેસાજી કબજો કરીને બેઠેલા છે. આ જમીન પર કબજા બાબતે સરકારી અધિકારીને અમોએ અરજીઓ કરેલી. આ લોકો સાથે મનમેળ હતો.

(૨) બનાવ તા.૧૩/૮/૨૦૧૯ના રોજ બપોરના બાર થી એક વાગ્યાના સમયગાળામાં બનેલો. બનાવ સમયે હુ ઘરે હતો જે જગ્યાએ હોબાળો થયેલો તે મારા ઘરથી પાંચ સો મીટર દુર થયો હતો તેથી હુ તથા દલસિગ ઘરમુજી ત્યાં ગયેલા અને જોયેલુ તો મનુભા શાંતુજીને કપાળના ભાગે કુહાડી વાગેલી હતી અને મે તેમને પુછતા મનુભાએ કહેલુ કે નાનસિંગ મદારજીએ કુહાડી મારેલ છે અને તેમના હાથમાં કુહાડી હતી અને બીજા

સાહેદની સહી............................

અજુભા જેણસીંગને ઝાટકા મશીનથી કરંટ લાગેલો હતો અને જે ઝાટકા મશીન નાનસિંગ મદારસિંગ, મદારસિંગ પરમાજી, મકુજી જેસાજી અને રાવતજી જેસાજીએ ગૌચરની જગ્યામાં મુકેલ હતું. આ જગ્યાએ જાહેર રસ્તો હોવાથી અમને આ મશીન બાબતની ખબર છે. આ ચારેય આરોપીઓ મનુભા શાંતુજી અને અજુભાને ગાળો બોલતા હતા અને મે ત્યાં આ લોકોને ઝઘડામાંથી છુટા પાડેલા. પોલીસે મારી પુછપરછ કરેલી અને જવાબ લીધેલો.

આરોપીઓ નામ.કોર્ટમાં હાજર નથી. બચાવપક્ષે કોઈ ઓળખ તકરાર નથી.

**સરતપાસ પુરી.**

**<u>આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી.આર.વી.સોલંકી..</u>**

(૨) એ વાત ખરી છે કે હું હોબાળો થતા બનાવ સ્થળ પર પહોચેલો ત્યારે આ કામના ફરીયાદીએ મને બનાવ વિશે વાત કરેલી કે તેમને નાનસિંગ મદારસીંગે કુહાડી મારેલ. એ વાત ખરી છે કે આરોપીઓની જમીન ખાલી કરાવવા માટે સરકારમાં અરજીઓ કરેલી. એ વાત ખરી છે કે હજુ સુધી આ આરોપીઓની જમીન કોઈએ ખાલી કરાવેલ નથી. એ વાત ખરી છે કે મારી સામે ફરીયાદ થયેલ છે. એ વાત ખરી નથી કે મે મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલી નથી કે ''હોબાળો થતા અમે ત્યાં ગયેલા અને મનુભા શાંતુભાએ માર મારેલાની વાત કરેલી. '' એ વાત ખરી નથી કે પોલીસે મારુ કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસે મારુ નામ ઠામ અને ધંધા વિશે પુછેલુ બીજું કંઈ પુછેલ નહી.

**વિશેષ ઉલટતપાસ નથી,**

**ફેર ઉલટતપાસ નથી.**

સાહેદની સહી.............................

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

..........................................

સાહેદની સહી

| | |
|---|---|
| | મારી રૂબરૂ, |
| મુ. ડીસા | (કુ.એસ.એમ.કાનાબાર) |
| તા. ૦૫/૦૨/૨૦૨૬ | છઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી.............................